અગ્રતા ક્રમ :- ૮

વિભાગ -: ઉદ્યોગ અને ખાણ વિભાગ

તારાંકિત પ્રશ્ન ક્રમાંક :૧૫/૪/૧૩૭૮

૧૫ મી ગુજરાત વિધાનસભા ચોથું સત્ર

વિધાનસભામાં જવાબ આપવાની તારીખ : ૧૩.૦૨.૨૦૨૪

પ્રશ્નનું શિર્ષક :અમદાવાદ થી કેવડીયા સી-પ્લેન પ્રોજેક્ટ

પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રીનું નામ અને તેમનો મત વિસ્તાર :
ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રહ્મા)

# અગ્રતા ક્રમ : ૮

# વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૧૩૭૮

## અનુક્રમણિકા

| | વિગત | મુખ્ય પેજ |
|---|---|---|
| ૧ | વિધાનસભાએ વિભાગને મોકલેલ પ્રશ્ન | |
| ૨ | વિભાગે કરેલ જવાબ | |
| ૩ | પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા૨૦૨૩ના રોજ /૦૩/૨૩. –સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક૩૦૬૮ (૩૫–અગ્રતા) ના અનુસંધાન | |
| ૪ | પ્રશ્નનું મુખ્ય હાર્દ | |
| ૫ | સી–પ્લેન સેવા બંધ થવાના કારણો | |
| ૬ | રાજ્ય સરકાર દ્વારા સી–પ્લેન સેવા પુન: કાર્યરત કરવા કરેલ પ્રયત્નો | |
| ૭ | પૂરક નોંધ | |
| ૮ | સી–પ્લેન સેવા તથા તેના સંલગ્ન ઈન્ફાસ્ટ્રકચર સારૂ થયેલ ખર્ચ અને તેની વિગતો | માન.ધારાસભ્યશ્રીનું નામ |
| પેટા પ્રશ્ન–૧ | રાજ્યમાં સી પ્લેન–સેવા શરૂ કરવાનો ઉદ્દેશ શું છે? | શ્રી રાજેન્દ્રસિંહ રાઠવા (છોટાઉદેપુર) |
| પેટા પ્રશ્ન–૨ | રાજ્યમાં સી–પ્લેન સેવા શરૂ થવાથી રાજ્યને શો લાભ થશે? | શ્રી રાજેન્દ્રસિંહ રાઠવા (છોટાઉદેપુર) |
| પેટા પ્રશ્ન–૩ | રાજ્યમાં સી પ્લેન સેવા શરૂ કરવા રાજ્ય સરકાર–દ્વારા કેવા પ્રયત્ન કરવામાં આવેલ છે? | શ્રી વિનેન્દ્રસિંહ ઝાલા (હિંમતનગર) |
| પેટા પ્રશ્ન–૪ | રાજ્યની અંદર શહેરોને હવાઇ સેવાથી જોડવા કેવા પ્રકારના પ્રયત્નો કરવામાં આવેલ છે? | શ્રી વિનેન્દ્રસિંહ ઝાલા (હિંમતનગર) |
| પેટા પ્રશ્ન–૫ | સી–પ્લેન પ્રોજેક્ટ હેઠળ કયા કયા પ્રકારના ખર્ચ થાય છે ? | |

# વિધાનસભાએ વિભાગને મોકલેલ પ્રશ્ન

તારાંકિત પ્રશ્ન                                                            ક્રમાંક: પ્ર/

## ગુજરાત વિધાનસભા સચિવાલય

તારાંકિત પ્રશ્ન ક્રમાંક: 15/4/1378

વિષય:

અમદાવાદ થી કેવડીયા સી-પ્લેન પ્રોજેક્ટ

| સૂચના મળ્યાની તારીખ: | વિભાગે ઓનલાઇન જવાબ મોકલાવવાની છેલ્લી | પ્રશ્ન દાખલ કર્યાની તારીખ |
|---|---|---|
| 16/01/2024 | તારીખ 07/02/2024 | 22/01/2024 |

*15/4/1378    ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી(ખેડબ્રહ્મા)

નાગરિક ઉડ્ડયન જણાવવા કૃપા કરશે કે:-

પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૨૩/૦૩/૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૩૦૬૮ (અગ્રતા-૩૫) ના અનુસંધાને માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) અમદાવાદ થી કેવડીયા સી પ્લેન પ્રોજેક્ટ માટે વર્ષ ૨૦૨૧-૨૨માં ૧૧ કરોડ અને વર્ષ ૨૦૨૨-૨૩માં ૧૧ કરોડની નાણાકીય જોગવાઈ કરવામાં આવેલી તે પૈકી તા. ૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલી રહી, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત પ્રોજેક્ટ કાર્યરત છે કે કેમ?

----

મુખ્ય પેજ પર જાઓ

# વિભાગે કરેલ જવાબ

# 8

**અમદાવાદ થી કેવડીયા સી–પ્લેન પ્રોજેક્ટ**

***15/4/1378 ડૉ.તુષાર અમરસિંહ ચૌધરી** (ખેડબ્રહ્મા) : પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૨૩/૦૩/૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક–૩૦૬૮ (અગ્રતા–૩૫) ના અનુસંધાને **માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | અમદાવાદ થી કેવડીયા સી પ્લેન પ્રોજેક્ટ માટે વર્ષ ૨૦૨૧–૨૨માં ૧૧ કરોડ અને વર્ષ ૨૦૨૨–૨૩માં ૧૧ કરોડની નાણાકીય જોગવાઈ કરવામાં આવેલી તે પૈકી તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલી રહી, અને | (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ વર્ષ ૨૦૨૧–૨૨ માં કોરોના મહામારી તેમજ વર્ષ ૨૦૨૨–૨૩ માં સી–પ્લેન સેવા કાર્યરત ન થતા અને તે સંદર્ભે વહીવટી ખર્ચ પર કાપ મૂકાતા કુલ રૂ.૪,૪૯,૭૪,૪૫૧/–(રૂપિયા ચાર કરોડ ઓગણ પચાસ લાખ ચુમોત્તેર હજાર ચારસો એકાવન પૂરા)ની રકમ વણવપરાયેલી રહી. |
| (૨) | ઉક્ત સ્થિતિએ ઉક્ત પ્રોજેક્ટ કાર્યરત છે કે કેમ? | (૨) | ના. જી, |

-------------------------------------

મુખ્ય પેજ પર જાઓ

## પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૨૩/૦૩/૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક–૩૦૬૮ (અગ્રતા–૩૫) ના અનુસંધાન

3

### સી પ્લેન સેવાથી થતી આવક

★ ૩૦૬૮ : શ્રી ચૈતરભાઈ વસાવા (દેડિયાપાડા): માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧/૦૧/૨૦૨૩ની સ્થિતિએ નર્મદા જીલ્લાના કેવડીયા ખાતેના કેવડીયાથી અમદાવાદ માટેના સી-પ્લેન પ્રોજેક્ટ કાર્યરત છે કે નહી, | (૧) તા.૩૧/૦૧/૨૦૨૩ની સ્થિતિએ સી-પ્લેન સેવા કાર્યરત નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ પ્રોજેક્ટ માટે રાજ્ય સરકાર દ્વારા કેટલી નાણાકીય જોગવાઇ કરેલ હતી, અને | (૨) વર્ષ ૨૦૨૧-૨૨માં ૧૧ કરોડ અને વર્ષ ૨૦૨૨-૨૩માં ૧૧ કરોડની નાણાકીય જોગવાઈ કરેલ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ પ્રોજેક્ટથી રાજ્ય સરકારને કેટલી આવક પ્રાપ્ત થયેલ છે? | (૩) ઉક્ત સ્થિતિએ રાજ્ય સરકારને કોઈ આવક પ્રાપ્ત થયેલ નથી. |

ગૃહમાં જવાબ આપવાની તારીખ: ૨૩/૦૩/૨૦૨૩

ક્રમાંક:વસપ/૧૦૨૦૨૩/તાપ્ર-૨૬/ચ
ઉદ્યોગ અને ખાણ વિભાગ ,
સચિવાલય, ગાંધીનગર,
તા.૧૫/૦૩/૨૦૨૩.

પ્રતિ,

સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર તરફ તેઓના તા.૦૨/૦૩/૨૦૨૩ ના પત્ર ક્રમાંક:પ્ર.૫/૩૩૮૩અન્વયે વધારાની ત્રણ નકલો સહિત.

ISSUED
Dt.: ૧૫/૩/૨૩
Sign.:

(બી.પી.મેંદપરા)
નાયબ સચિવ
ઉદ્યોગ અને ખાણ વિભાગ

નકલ રવાના:

- માન.મંત્રીશ્રી (નાગરિક ઉડ્ડયન)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (નાગરિક ઉડ્ડયન)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, નાગરિક ઉડ્ડયન, સરદાર પટેલ એરપોર્ટ, ગુજસેલ કોમ્પલેક્ષ, અમદાવાદ.
- સેકશન અધિકારીશ્રી, જ શાખા ,ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- સિલેક્ટ ફાઈલ.

મુખ્ય પેજ પર જાઓ

## પ્રશ્નનું મુખ્ય હાર્દ

- સી–પ્લેન સેવા એમ્ફિબિયન પ્લેન કે જે **જમીન અને પાણી પર લેંડીંગ કરી શકે** તેવી કુશળતા ધરાવતી હવાઇ સેવા છે.
- ભારત સરકાર દ્વારા રીઝનલ કનેક્ટીવીટી સ્કિમ (આર.સી.એસ.) યોજના અંતર્ગત ઉડાન ૧.0 હેઠળ વર્ષ ૨૦૧૮માં સી–પ્લેન સેવા (લોન્ચ) પ્રારંભ કરવામાં આવેલ જેમાં ગુજરાતમાં કુલ ચાર (૪) સ્થળોની પસંદગી કરવામાં આવેલ જેમા ૧. સાબરમતી રિવરફ્રન્ટ ૨. સ્ટેચ્યુ ઓફ યુનિટી ૩. શેત્રુંજય ડેમ ૪. ધરોઇ ડેમ નો સમાવેશ કરવામાં આવેલ.
- **તા.૩૧/૧૦/૨૦૨૦ના રોજ રાષ્ટ્રીય એકતા દિવસે** માન.વડાપ્રધાનશ્રી દ્વારા **સાબરમતી રિવરફ્રન્ટ, અમદાવાદ થી સ્ટેચ્યુ ઓફ યુનિટી, કેવડીયા** ખાતે સી–પ્લેન સેવાનું ઉદ્ઘઘાટન કરવામાં આવેલ.
- સી–પ્લેન સેવા ભારત સરકાર દ્વારા સ્પાઈસ જેટ કંપની મારફત પ્રારંભ કરવામાં આવેલ.
- **સમગ્ર ભારતમાં પ્રથમ પાયલટ પ્રોજેક્ટ** તરીકે સી–પ્લેન સેવા ગુજરાત રાજ્યમાં શરૂ કરવામાં આવેલ. રાજ્યાના લોકોને નવીન પ્રકારની હવાઇસેવા પૂરી પાડવા સાથે એક નવું આકર્ષણ એવી **સી–પ્લેન સેવા શરૂ કરનાર ગુજરાત પ્રથમ રાજ્ય છે.**
- **વિશાળ દરિયા કિનારો ધરાવતા દેશો તથા ટાપુ દેશો જેવા કે માલદિવ, યુ.એસ.એ., યુ.એ.ઇ.,ફીનલેન્ડ, ન્યુઝીલેન્ડ વગેરે જેવા દેશો જે સી–પ્લેન સેવા પર ભાર આપે છે.** જે ધ્યાને લેતા ગુજરાત રાજ્ય ૧૬૦૦ કિ.મી. લાંબો દરિયા કિનારો સાથે નર્મદા, સાબરમતી, તાપી વગેરે જેવી મોટી નદીઓ ધરાવતું રાજ્ય હોઈ રાજ્યામાં સી–પ્લેન સેવા માટે વિશાળ તકો રહેલ છે.
- સી–પ્લેન સેવા એ જમીન માર્ગ આધારિત કનેકટીવીટી (લેન્ડ બેઇઝ કનેકટીવીટી) ના સ્થાને જળમાર્ગ આધારિત કનેકટીવીટી (વોટર બેઇઝ કનેકટીવીટી) છે; જેમાં એરપોર્ટ અને એરસ્ટ્રીપ માટે થતા ખર્ચને ધ્યાને લેતા પ્રમાણમાં સસ્તી અને ભવિષ્યની કનેકટીવીટી છે.

- અતિ ગીચ શહેરો અને જે તે વિસ્તારની ભૈગોલિક સ્થિતિના કારણે એરસ્ટ્રીપ કે એરપોર્ટ બનાવવા શક્ય નથી અથવા તો બહુ ખર્ચાળ હોવાના કારણે કોઇ એર–કનેક્ટીવીટી સાથે જોડાયેલ નથી પરંતુ તે વિસ્તાર દરિયો/નદી/સરોવર જેવા પાણીના સ્ત્રોતથી જોડાયેલ હોય ત્યાં સી–પ્લેન અતિ ઉપયોગી થઇ શકે છે.
- સી–પ્લેન સેવાથી રાજ્યના પ્રવાસન સ્થળો અને મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતના ઉદ્યોગ વિકાસને વેગ મળશે સાથે સાથે કટોકટી કે મહામારીના સમયે ઇમરજન્સી ઉપયોગમાં લઇ શકાશે.
- પ્રવાસન સાથે નાગરીક ઉડ્ડયન ક્ષેત્રનો વિકાસ તથા તેમાં નવી સંભાવનાઓ ચકાસવા ઉપયોગી સાબિત થશે.
- ભવિષ્યલક્ષી ટેકનોલોજી સાથે કુશળ માનવબળ તૈયાર કરવુ અને કુશળ રોજગારી ઉભી કરવાનો ઉદ્દેશ છે.
- તા.૩૧/૧૦/૨૦૨૦ના રોજ શરૂ થયેલ સી–પ્લેન સેવા કુલ ૮૦ દિવસ ચાલુ રહેલ. જેમાં કુલ ૨૭૬ ફ્લાઇટ અને **૨૧૯૨ પેસેન્જરોએ લાભ લીધેલ**.

**મુખ્ય પેજ પર જાઓ**

## સી–પ્લેન સેવા બંધ થવાના કરણો

**તા.૩૧/૧૦/૨૦૨૦ના રોજ શરૂ થયેલ સી–પ્લેન સેવા કુલ ૮૦ દિવસ ચાલુ રહેલ અને તા.૧૦/૦૪/૨૦૨૧ના રોજ સ્થગીત થયેલ છે.**

- સી–પ્લેન સેવા ભારત સરકાર દ્વારા **મે.સ્પાઈસ જેટ** કંપની મારફત પ્રારંભ કરવામાં આવેલ. પરતું કંપની **આર્થિક અને નાણાકીય કારણોસર** સેવા ચાલુ રાખેલ નહીં.
- મે.સ્પાઈસ જેટ દ્વારા એરક્રાફ્ટ લીઝ પર લીધેલ હોવાથી **એરક્રાફ્ટ લીઝનું ભાડુ ખુબ જ ઉંચુ/વધારે** હોવાના કારણે,
- સી–પ્લેન માટે રાજ્યમાં મેઈન્ટેનન્સ સુવિધા ઉપલબ્ધ ન હોઈ સી–પ્લેનને **માલદીવ મેઈન્ટેનન્સ માટે લઈ જવું પડતું હતું.**
- ભારતમાં પ્રથમવાર સી–પ્લેન સેવા શરૂ થવાથી પાયલટ ન મળવાના કારણે ફોરેન પાયલટની સમસ્યા, ફોરેન પાયલટને ઉંચો પગાર, તાલીમ અને તે સંબંધિત અન્ય ખર્ચાઓ ચુકવવાના કારણે.
- કંપનીના ફાયનાન્સીયલ કારણોથી ફોરેન રજીસ્ટ્રેશન એરક્રાફ્ટ હોવાથી ઓપરેશન અને મેઈન્ટેનન્સમાં ઉદભવતી મુશ્કેલીઓના કારણે.

**મુખ્ય પેજ પર જાઓ**

# રાજ્ય સરકાર દ્વારા સી–પ્લેન સેવા પુન: કાર્યરત કરવા કરેલ પ્રયત્નો

- સ્ટેચ્યુ ઓફ યુનિટી એક વિશ્વ વિખ્યાત પર્યટન સ્થળ હોઇ અને **સી–પ્લેન સેવા પુન: શરૂ કરવા માટે** રાજ્ય સરકારની વી.જી.એફ (વાયેબેલીટી ગેપ ફન્ડીગ) સ્કીમ અંતર્ગત સી–પ્લેન સેવા માટે રાજ્ય સરકાર દ્વારા તા.૨૮/૧૨/૨૦૨૧ના ઈ–ટેન્ડર મારફત ઓપરેટરની પસંદગી કરવા માટે **ટેન્ડર બહાર પાડવામાં આવેલ**.જેમાં એલ–૧ આવેલ એજન્સી દ્વારા નાણાકીય અને આર્થિક કારણોસર સેવા શરૂ કરેલ ન હતી.

- ત્યારબાદ વર્ષ ૨૦૨૨ માં એલ–૨ બીડર ને પસંદ કરી તેઓને કામગીરી સોપવા વિચારણા કરેલ પરતું તે થઇ શકી ન હતી.

- ત્યાર બાદ તા:૧૧/૦૫/૨૦૨૩ ના રોજ **પુન: ટેન્ડર** પ્રસિધ્ધ કરવામાં આવેલ હતું. તેમાં **કોઇ પણ બીડ મળેલ ન હોવાથી** પ્રક્રિયા રદ થયેલ હતી.

- ત્યાર બાદ ઉચ્ચ કક્ષાએથી સદર રુટ કાર્યરત કરવા સારૂ ભારત સરકારની રીઝનલ કનેકટીવીટી સ્કીમ (આર.સી.એસ.) અંતર્ગત આવરી લેવા કાર્યવાહી કરેલ. જેથી સદર સી–પ્લેન રૂટ રીઝનલ કનેકટીવીટી સ્કીમ (આર.સી.એસ.) અંતર્ગત આવરી લેવામાં આવેલ છે. જેનું ટેન્ડર ભારત સરકારના નાગરીક ઉડ્ડયન મંત્રાલય હેઠળ એરપોર્ટ ઓથોરીટી ઓફ ઇન્ડિયા દ્વારા ઇસ્યુ કરવામાં આવેલ છે. જો તેના **બીડ સફળ રહેશે તો સેવા પુન: શરૂ થઇ શકે છે.**

**મુખ્ય પેજ પર જાઓ**

# પૂરક નોંધ

ભારત સરકાર દ્વારા RCS UDAN યોજના અંતર્ગત ઉડાન 1.0 હેઠળ વર્ષ ૨૦૧૮માં સી–પ્લેન સેવા (લોન્ચ) પ્રારંભ કરવામાં આવેલ જેમાં ગુજરાતમાં કુલ ચાર (૪) જગ્યા પસંદગી કરવામાં આવેલ

૧. સાબરમતી રિવરફ્રન્ટ

૨. સ્ટેચ્યુ ઓફ યુનિટી

૩. શેત્રુંજય ડેમ

૪. ધરોઈ ડેમ

તા.૩૧/૧૦/૨૦૨૦ના રોજ રાષ્ટ્રીય એકતા દિવસના રોજ માન. વડાપ્રધાન દ્વારા સી–પ્લેન સેવાનું ઉદ્ઘાટન સાબરમતી રિવરફ્રન્ટથી સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે કરવામાં આવેલ. આ સી–પ્લેન સેવા ભારત સરકાર દ્વારા સ્પાઈસ જેટ કંપની મારફત પ્રારંભ કરવામાં આવેલ.

આ સેવા કુલ ૮૦ દિવસ ચાલુ રહેલ. જેમાં કુલ ૨૭૬ ફ્લાઈટ અને ૨૧૯૨ પેસેન્જરોએ લાભ લીધેલ.

- ❖ આ સેવા નીચે જણાવેલ કારણોના લીધે તા.૧૦/૦૪/૨૦૨૧ના રોજ સ્થગીત થયેલા

રાજ્યમાં સી–પ્લેન માટે મેઇન્ટેનન્સ સુવિધા ઉપલબ્ધ ન હોઈ સી–પ્લેનને માલદીવ મેઈન્ટેનન્સ માટે લઈ જવાનું હોઈ તે ઉપરાંત એરડાફ્ટ લીઝનું ભાડુ ખુબ જ ઉંચુ/વધારે હોવાના કારણે, ભારતમાં પ્રથમવાર સી–પ્લેન સેવા શરૂ થવાથી પાયલટ ન મળવાના કારણે (ફોરેનપાયલટની સમસ્યા), ફોરેન પાયલટને ઉંચો પગાર ચુકવવાનો થતો હોવાના કારણે. કંપનીના ફાયનાન્સીયલ કારણોથી ફોરેન રજીસ્ટ્રેશન એરક્રાફ્ટ હોવાથી ઓપરેશન અને મેઈન્ટેનન્સમાં ઉદભવતી મુશ્કેલીઓના કારણે

સ્ટેચ્યુ ઓફ યુનિટી એક વિશ્વ વિખ્યાત પર્યટન સ્થળ હોઈ અને સી–પ્લેન સેવા પુન: શરૂ કરવા માટે રાજ્ય સરકારની વી.જી.એફ સ્કીમ અંતર્ગત સી–પ્લેન સેવા માટે રાજ્ય સરકાર દ્વારા તા.૨૮/૧૨/૨૦૨૧ના રોજ પ્રસિદ્ધ વર્તમાનપત્રોમાં ઈ–ટેન્ડર મારફત ઓપરેટરની પસંદગી કરવા માટે ટેન્ડર બહાર પાડવામાં આવેલ.

આ ટેન્ડર અંતર્ગત સી–પ્લેન સેવાની સમયમર્યાદા ત્રણ વર્ષની હતી જેમાં રોજની કુલ ચાર (૪) ફલાઇટ (2 – આગમન અને ૨ – પ્રસ્થાન) હતી.

બહાર પાડેલ ટેન્ડરમાં કુલ ૦૩ (ત્રણ) કંપની દ્વારા ભાવ ભરવામાં આવેલ.

૧. વેન્ચુરા એર કનેક્ટ પ્રા. લિ.

૨. એરોટ્રાન્સ સર્વિસીસ પ્રા.લિ.

૩. મેરીટાઇમ હેલી એર સર્વિસીસ પ્રા. લિ

જેમાં મેસર્સ મેરીટાઇમ હેલી એર સર્વિસીસ પ્રા. લિ. કંપની એલ–૧ બીડર તરીકે પસંદ થયેલ તેમના દ્વારા પ્રતિ કલાક રૂ.૧૬૨૦૦૦/ ભાવ ભરવામાં આવેલ કંપની દ્વારા આ સેવા તેમના ફાયનાન્સીયલ અને અન્ય કારણોના લીધે સેવા ચાલુ રહી શકેલ નથી. જેથી રાજ્ય સરકાર દ્વારા પ્રેસર્સ મેરીટાઇમ હેલી એર સર્વિસીસ પ્રા. લિ. ને ૦૩ (ત્રણ) વર્ષ માટે બ્લેકલીસ્ટ કરવા અને તેમની ઇ.એમ.ડી. રૂપિયા ૧૦ લાખ જપ્ત કરવાની કાર્યવાહી કરેલ છે અને આ ટેન્ડરની પ્રકીયા પુનઃ કરવા માટે સરકારશ્રીમાં ફાઇલ રજુ કરેલ હતી. જેની મંજુરી મળીયેથી તા: ૧૧/૦૫/૨૦૨૩ ના રોજ ટેન્ડર પ્રસિધ્ધ કરવામાં આવેલ હતું. તેમાં કોઇ પણ બીડ મળેલ ન હોવાથી પ્રકિયા રદ થયેલ હતી. ત્યાર બાદ ઉચ્ચ કક્ષાએથી સદર રુટ કાર્યરત કરવા સારૂ ભારત સરકારની રીઝનલ કનેકટીવીટી સ્કીમ (આર.સી.એસ.) અંતર્ગત આવરી લેવા કાર્યવાહી કરેલ. જેથી સદર સી–પ્લેન રૂટ રીઝનલ કનેકટીવીટી સ્કીમ (આર.સી.એસ.) અંતર્ગત આવરી લેવામાં આવેલ છે. જેનું ટેન્ડર ભારત સરકારના નાગરીક ઉડ્ડયન મંત્રાલય હેઠળ એરપોર્ટ ઓથોરીટી ઓફ ઇન્ડિયા દ્વારા ઇસ્યુ કરવામાં આવેલ છે. જો તેના બીડ સફળ રહેશે તો સેવા પુન: શરૂ થઇ શકે છે.

**મુખ્ય પેજ પર જાઓ**

# સી–પ્લેન સેવા તથા તેના સંલગ્ન ઈન્ફાસ્ટ્રકચર સારૂ થયેલ ખર્ચ અને તેની વિગતો નીચે મુજબ છે.

| ખર્ચ | રકમ રૂ . |
|---|---|
| જાહેરાત ખર્ચ | ૫૩,૪૭,૧૧૬/–<br>(ત્રેપન લાખ સુડતાલીસ હજાર એકસો સોળ) |
| પ્રોફેશનલ ફી | ૫,૩૧,૦૦૦/– (પાંચ લાખ એકત્રીસ હજાર) |
| વીજળી ખર્ચ | ૪૯,૪૩,૬૦૦/–<br>(ઓગણપચાસ લાખ ત્રેતાલીસ હજાર છસો) |
| પાણી ખર્ચ | ૨,૨૨,૫૮૬/–<br>(બે લાખ બાવીસ હજાર પાંચસો છ્યાસી) |
| ઈવેન્ટ ખર્ચ | ૧,૧૩,૭૬,૦૭૪/–<br>(એક કરોડ તેર લાખ છોતેર હજાર ચૂમ્મોતેર) |
| બિલ્ડીંગ નિભાવણી અને જાળવણી ખર્ચ | ૯૩,૭૫,૫૨૭/–<br>(તાણુ લાખ પંચોતેર હજાર પાંચસો સત્યાવીસ) |
| સુરક્ષા અંગે થયેલ ખર્ચ | ૮,૬૭,૭૦,૮૮૭/–<br>(આઠ કરોડ સડસઠ લાખ સીતેર હજાર આઠસો સિત્યાસી) |
| આઉટ સોર્સ મેનપાવર ખર્ચ | ૭૧,૧૬,૨૭૨/–<br>(ઈકોતર લાખ સોળ હજાર બસો બોતેર) |
| અન્ય આનુંષગિક ખર્ચ | ૪,૯૩,૪૨,૪૮૭/–<br>(ચાર કરોડ તાણુ લાખ બેતાળીસ હજાર ચારસો સિત્યાસી) |
| કુલ | ૧૭,૫૦,૨૫,૫૪૯/–<br>(સત્તર કરોડ પચાસ લાખ પચ્ચીસ હજાર પાંચસો ઓગણપચાસ) |

- સી–પ્લેન સેવા પુન: શરૂ કરવાના પ્રયત્નો સતત કરવામાં આવી રહેલા હોવાથી ઉક્ત ખર્ચ જરૂરી હતા.
- વિકાસના ધારા ધોરણૉ મુજબ સુરક્ષા, ફાયરનો સ્ટાફ જાળવી રાખવો જરૂરી હતો.
- ડી.જી.સી.એ. ના ધારા ધોરણૉ મુજબ તેને સંબધિત ઓપરેશન સ્ટાફ જાળવી રાખવો જરૂરી હતો.
- આ પ્રયત્નો ચાલુ હોય જેને લગત વીજળી, પાણી, જાહેરાત, પ્રોફેશનલ ફી જેવા આનુંષગિક ખર્ચ થયેલ છે.

મુખ્ય પેજ પર જાઓ

**અગ્રતા ક્રમ : ૮**

**વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૧૩૭૮**

**વિધાનસભાએ વિભાગને મોકલેલ પ્રશ્નઃ અમદાવાદ થી કેવડીયા સી–પ્લેન પ્રોજેક્ટ**

**પેટા પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રી શ્રી રાજેન્દ્રસિંહ રાઠવા (છોટાઉદેપુર)**

| **પેટા પ્રશ્ન ૧** | રાજ્યમાં સી પ્લેન સેવા શરૂ કરવાનો ઉદ્દેશ શું છે ? |
|---|---|
| **જવાબ** | • રાજ્યામાં એરપોર્ટ કે એરસ્ટ્રીપ વિકસાવવા જમીનની ઉપ્લબ્ધતા, ખાનગી જમીનની કિંમત તથા તેના સંપાદન સંબંધી ઘણા પ્રશ્નો હોય છે, જેમાં ભવિષ્યમાં વધારો થશે.<br>• એરપોર્ટ અને એરસ્ટ્રીપ વિકસાવવા માટે થતા ખર્ચને ધ્યાને લેતા સી–પ્લેન સેવા પ્રમાણમાં સસ્તી અને ભવિષ્યની કનેકટીવીટી છે.<br>• જ્યારે ગુજરાત રાજ્ય ૧૬૦૦ કિ.મી. લાંબો દરિયા કિનારો સાથે નર્મદા, સાબરમતી, તાપી  વગેરે જેવી મોટી નદીઓ ધરાવતું રાજ્ય હોઈ રાજ્યામાં સી–પ્લેન સેવા માટે વિશાળ તકો  રહેલ છે.<br>• જળ સ્ત્રોત આધારિત કનેકટીવીટી (વોટર બેઝડ એર કનેકટીવીટી) ભવિષ્યની હવાઈ સેવા હોઈ, ભવિષ્યના વિઝનને ધ્યાને રાખી જમીન તથા પાણી બન્ને પર લેન્ડ થઈ શકે તવા જહાજો (એમ્ફિબિયન પ્લેન કનેકટીવીટી) થી કાર્યરત થતી એવી સી–પ્લેન સેવા સમગ્ર દેશમાં પ્રથમ એવી ગુજરાત રાજ્યમાં  **સાબરમતી રિવરફ્રન્ટ, અમદાવાદ થી સ્ટેચ્યુ ઓફ યુનિટી, કેવડીયા** ખાતે શરૂ કરવામાં આવેલ. |

**મુખ્ય પેજ પર જાઓ**

**અગ્રતા ક્રમ : ૮**

## વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૧૩૭૮

## વિધાનસભાએ વિભાગને મોકલેલ પ્રશ્ન: અમદાવાદ થી કેવડીયા સી–પ્લેન પ્રોજેક્ટ

## પેટા પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રી શ્રી રાજેન્દ્રસિંહ રાઠવા (છોટાઉદેપુર)

| પેટા પ્રશ્ન ૨ | રાજ્યમાં સીપ્લેન સેવા શરૂ થવાથી રાજ્યને શો લાભ થશે-? |
|---|---|
| જવાબ | • સી–પ્લેન સેવા શરૂ થવાથી સી–પ્લેન દ્વારા **દરિયાકાંઠાના શહેરો અને દૂરના વિસ્તારો વચ્ચે જોડાણ વધારી શકાય છે**, જેથી પ્રવાસીઓ અને સ્થાનિકો બંને માટે પરીવહન સરળ બને.<br><br>• સેવા શરૂ થવાથી પ્રવાસન, ઉડ્ડયન અને સંબંધિત ઉદ્યોગોમાં **નોકરીની તકો** ઊભી કરીને આર્થિક વૃદ્ધિને વેગ આપી શકાશે.<br><br>• સી–પ્લેન સેવાથી સી–પ્લેન ટર્મિનલ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સુવિધાઓ જેવી જરૂરીયાત **દરિયાકાંઠા અને નદીકાંઠાના વિસ્તારોમાં રોકાણ અને વિકાસ**થી પ્રોત્સાહન આપી શકાશે.<br><br>• સી–પ્લેન સેવા શરૂ થવાથી પ્રવાસીઓને આકર્ષી શકાશે તથા ગુજરાતના દરિયાકાંઠાના આકર્ષણો, જેવાકે દરિયાકિનારા, દરિયાઈ જીવન અને સાંસ્કૃતિક સ્થળોનું પ્રવાસન કરી શકે છે.<br>• સી–પ્લેન ઈન્ફ્રાસ્ટ્રકચરમાં રોકાણ કરવાથી પરિવહન માટે જળમાર્ગોના ઉપયોગને પ્રોત્સાહન મળી શકે છે, જમીન આધારિત ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર દબાણમાં ઘટાળો કરી શકાય છે.<br>• રાજ્યમાં સી–પ્લેન પ્રોજેક્ટ રાજ્યના પ્રવાસન, અર્થવ્યવસ્થા, ઈન્ફરાસ્ટ્રકચર યોગદાન આપવાની ક્ષમતા ધરાવે છે.<br><br>• રાજ્યમાં સી–પ્લેન સેવાથી અમદાવાદ અને કેવડીયા સ્ટેચ્યુ ઓફ યુનિટી જેવા મહત્વના મધ્ય અને દક્ષિણ ગુજરાતના પ્રવાસન સ્થળોને જોડવામાં આવેલ સાથે દક્ષિણ ગુજરાતના ઉદ્યોગોને વિકસાવવા માટે મોટા શહેરો અમદાવાદથી જોડી આંતર રાજ્ય કનેકટીવીટી દ્વારા ઉદ્યોગ વિકાસને વેગ મળશે. |

મુખ્ય પેજ પર જાઓ

**અગ્રતા ક્રમ : ૮**

**વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૧૫/૪/૧૩૭૮**

**વિધાનસભાએ વિભાગને મોકલેલ પ્રશ્નઃ અમદાવાદ થી કેવડીયા સી–પ્લેન પ્રોજેક્ટ**

**પેટા પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રી વિનેન્દ્રસિંહ ઝાલા (હિંમતનગર)**

| | |
|---|---|
| **પેટા પ્રશ્ન ૩** | રાજ્યમાં સી પ્લેન સેવા શરૂ કરવા રાજ્ય સરકાર દ્વારા કેવા પ્રયત્ન કરવામાં આવેલ છે ? |
| **જવાબ** | • રાષ્ટ્રીય એકતા દિવસ તા.૩૧/૧૦/૨૦૨૦ના રોજ ના રોજ માન વડાપ્રધાન દ્વારા સી–પ્લેન સેવાનું ઉદ્ઘઘાટન સાબરમતી રિવરફ્રન્ટથી સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે કરવામાં આવેલ. આ સી–પ્લેન સેવા ભારત સરકાર દ્વારા સ્પાઈસ જેટ કંપની મારફત પ્રારંભ કરવામાં આવેલ.<br>• સી–પ્લેન સેવા શરૂ કરવા સાબરમતી રીવરફ્રંટ તેમજ કેવડીયા ખાતે વોટર એરોડ્રોમ વિકસાવવામાં આવેલ.<br>• આ સેવા કૂલ ૮૦ દિવસ ચાલુ રહેલ જેમાં કુલ ૨૭૬ ફ્લાઈટ અને ૨૧૯૨ પેસેન્જરોએ લાભ લીધેલ.<br>• સ્ટેચ્યુ ઓફ યુનિટી એક વિશ્વ વિખ્યાત પર્યટન સ્થળ હોઇ અને **સી–પ્લેન સેવા પુનઃ શરૂ કરવા માટે** રાજ્ય સરકારની વી.જી.એફ (વાયેબેલીટી ગેપ ફન્ડીગ) સ્કીમ અંતર્ગત સી–પ્લેન સેવા માટે રાજ્ય સરકાર દ્વારા તા.૨૮/૧૨/૨૦૨૧ના ઇ–ટેન્ડર મારફત ઓપરેટરની પસંદગી કરવા માટે **ટેન્ડર બહાર પાડવામાં આવેલ**.જેમાં એલ–૧ આવેલ એજન્સી દ્વારા નાણાકીય અને આર્થિક કારણોસર સેવા શરૂ કરેલ ન હતી.<br>• ત્યાર બાદ ઉચ્ચ કક્ષાએથી સદર રુટ કાર્યરત કરવા સારૂ ભારત સરકારની રીઝનલ કનેકટીવીટી સ્કીમ (આર.સી.એસ.) લેવા કાર્યવાહી કરેલ. જેથી સદર સી–પ્લેન રૂટ રીઝનલ કનેકટીવીટી સ્કીમ (આર.સી.એસ.) અંતર્ગત આવરી લેવામાં આવેલ છે. જેનું ટેન્ડર ભારત સરકારના નાગરિક ઉડ્ડયન મંત્રાલય હેઠળ એરપોર્ટ ઓથોરીટી ઓફ ઈન્ડિયા દ્વારા ઈશ્યુ કરવામાં આવેલ, જો તેના બીડ સફળ રહેશે તો સેવા પુન:શરૂ થઈ શકે છે. |

મુખ્ય પેજ પર જાઓ

**અગ્રતા ક્રમ : ૮**

**વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૧૩૭૮**

**વિધાનસભાએ વિભાગને મોકલેલ પ્રશ્નઃ અમદાવાદ થી કેવડીયા સી-પ્લેન પ્રોજેક્ટ**

**પેટા પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રી વિનેન્દ્રસિંહ ઝાલા (હિંમતનગર)**

| | |
|---|---|
| **પેટા પ્રશ્ન ૪** | રાજ્યની અંદર શહેરોને હવાઇ સેવાથી જોડવા કેવા પ્રકારના પ્રયત્નો કરવામાં આવેલ છે? |
| **જવાબ** | રાજ્યમાં અંદર શહેરોને હવાઈ સેવાથી જોડવા નીચે મુજબના પ્રયત્નો કરવામાં આવેલ છે.<br>**ગુજરાત સરકારની વાયબલિટી ગેપ ફંડીંગ (વી.જી.એફ.) યોજના**<br>• રાજ્યની અંદરના શહેરોને હવાઈ સેવાથી જોડવા રાજ્ય સરકાર દ્વારા વાયબલિટી ગેપ ફંડીંગ (વી.જી.એફ.) યોજના હેઠળ એરલાઈન્સને સબસિડી આપવામાં આવે છે.<br>• શહેરોને હવાઈ સેવાથી જોડવા ટેન્ડર માધ્યમથી નિમણૂંક કરવામાં આવે છે, જેમાં એજન્સીને સરકાર દ્વારા નક્કી કરેલ ચોક્કસ રૂટ માટે મીનીટ દીઠ વાયબલિટી ગેપ ફંડીંગ (વી.જી.એફ.) નું ચુકવણા કરવામાં આવે છે.<br>• ૨૦૧૫ થી રાજ્ય સરકાર દ્વારા ઈન્ટર સ્ટેટ કનેકટીવીટી સેવા અંગેનું ટેન્ડર પ્રસિદ્ધ કરવામાં આવેલ જેમાં મે.વેન્ચુરા પ્રા.લી. ને (૧) સુરત- અમદાવાદ- સુરત (૨) સુરત-અમરેલી- સુરત(૩) સુરત- ભાવનગર- સુરત(૨) સુરત-રાજકોટ- સુરત રુટ પર હવાઈ સેવા શરુ કરવામાં આવેલ છે. ત્યારબાદ ૨૦૨૨થી વધુ એક મે.ઘોડાવત એન્ટરપ્રાઈઝ દ્વારા અમદાવાદ-ભુજ રૂટ પર હવાઈ સેવા શરૂ કરવામાં આવેલ.<br>• વધુમાં અમદાવાદ, કેશોદ, પોરબંદર, અમરેલી, વડોદરા, રાજકોટ, ભાવનગર, અંબાજી, ભુજ, અને સ્ટેચ્યુ ઓફ યુનીટી શહેરોને જોડતા ૧૧ રૂટ પર હવાઈ સેવાથી જોડવાનું આયોજન છે. |

મુખ્ય પેજ પર જાઓ

**અગ્રતા ક્રમ : ૮**

**વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૧૩૭૮**

**વિધાનસભાએ વિભાગને મોકલેલ પ્રશ્નઃ અમદાવાદ થી કેવડીયા સી–પ્લેન પ્રોજેક્ટ**

| | |
|---|---|
| **પેટા પ્રશ્ન ૫** | સી પ્લેન પ્રોજેક્ટ હેઠળ કયા કયા પ્રકારના ખર્ચ થાય છે-? |
| **જવાબ** | સી–પ્લેન પ્રોજેક્ટ હેઠળ સી–પ્લેન ચલાવવા વોટર એરોડ્રોમ ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને તેની જાળવણી અને નિભાવવાનો ખર્ચ , સુરક્ષા, વીજળી, પાણી, ઇન્સુરન્સ વગેરે જેવી આનુંષગિક ખર્ચ, સી–પ્લેન અર્થે જે તે સમયે જાહેરાત, ટેન્ડર ,ઈવેન્ટ તથા પ્રોફેશનલ ફી, એરક્રાફ્ટ લીઝ ભાડું, પાયલોટ તથા અન્ય સ્ટાફ પગાર , તાલીમ અને અન્ય આનુંષગિક ખર્ચનો સમાવેશ થાય છે. |

**મુખ્ય પેજ પર જાઓ**